# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/010 Dt. 19/06/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરની રિન્યુએબલ ક્ષેત્રે પ્રોજેકટ કમિશનીંગ પીરિયડ સંદર્ભે એક વર્ષમાં પ્રોજેકટ પૂર્ણ નહીં થાય તો તેની સમયમર્યાદાને વધારવા રજૂઆત

### ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી શ્રી પંકજ જોષી અને એનર્જી એન્ડ પેટ્રો કેમિકલ્સ વિભાગના એડિ. ચીફ સેક્રેટરી શ્રી એસ.જે. હૈદરને રજૂઆત કરી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલ અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૧૭ જૂન ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી શ્રી પંકજ જોષી સાથે મિટીંગ કરી રિન્યુએબલ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકોને ઉદ્ભવી રહેલા વિવિધ પ્રશ્નો સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી વર્ષ ૨૦૨૩માં બનાવવામાં આવી હતી. જેના કલોઝ નંબર ૧૭.૪ મુજબ પ્રોજેકટ કમિશનીંગ પીરિયડ સંદર્ભે ૧થી ૧૦૦ મેગાવોટના પ્રોજેકટ માટે કનેકટીવિટીની મંજૂરી મળેલી હોય એ તારીખથી ૧૨ મહિના સુધીમાં પ્રોજેકટ પૂર્ણ કરવાનો હોય છે અને જો એક વર્ષમાં પ્રોજેકટ પૂર્ણ નહી થાય તો એના માટે પોલિસીમાં કોઇ જોગવાઇ નથી, પરંતુ ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમીશન (GERC) દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪માં ગ્રીન એનર્જી ઓપન એકસેસ રેગ્યુલેશનમાં આવા કેસમાં પ્રોજેકટ સમય મર્યાદામાં (એટલે કે એક વર્ષમાં) પૂર્ણ નહી થાય તો GERC પાસે પીટિશન ફાઇલ કરી તેની મંજૂરી લઇને પ્રોજેકટને પૂર્ણ કરી શકાય છે તેવી જોગવાઇ કરવામાં આવી છે.

ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમીશન દ્વારા એના ઓર્ડરમાં જોગવાઇ કરવામાં આવી છે કે, પ્રોજેક્ટની કુલ સાઇઝના ઓછામાં ઓછા ૧૦ ટકા ચાર્જીંગ કરેલ હોય તો તેઓ બાકીની કેપેસિટીની સમય મર્યાદા માટે જર્ક પાસે જઇ શકે છે, પરંતુ મોટા ભાગના પ્રોજેક્ટમાં જમીન માટે એનએની મંજૂરી વિગેરે અન્ય કામોને કારણે એક વર્ષ દરમ્યાન પ્રોજેક્ટમાં ૧૦ ટકા પણ ચાર્જીંગ થતું ન હોવાથી સમયસર પ્રોજેક્ટ કમીશનીગ થતું નથી. આ ઉપરાંત, જર્કમાં કામના ભારણને કારણે ચૂકાદો આવવા માટે ઘણો વિલંબ થાય છે, જેને કારણે ઉદ્યોગસાહસિકોને મોટું નુકસાન સહન કરવાનો વારો આવે છે.

આથી ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે પ્રોજેક્ટ કમિશનીગ પીરિયડ એક વર્ષમાં પૂર્ણ નહી થાય તો તેને એક્ષ્ટેન્શન આપવાની અને એના માટે જે કોઇ પેનલ્ટી થતી હોય તેની પોલિસીમાં જોગવાઇ કરવામાં આવે તેવી રજૂઆત ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી શ્રી પંકજ જોષીને કરી હતી. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે આ અંગેની સત્તા જર્કને બદલે ડીસકોમને આપવાની પણ રજૂઆત કરી હતી. શ્રી પંકજ જોષીએ આ સંદર્ભે રિવ્યૂ કરવામાં આવશે તેમ કહીને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ઉપરોક્ત સંદર્ભે ગુજરાત સરકારના એનર્જી એન્ડ પેટ્રો કેમિકલ્સ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રી એસ.જે. હૈદરને પણ રૂબરૂ મળીને રજૂઆત કરી હતી. તેમના તરફથી પણ ચેમ્બરના પ્રતિનિધિઓને સકારાત્મક પ્રતિસાદ સાંપડયો હતો.